
ગાંધીનગર સમાચાર









વાતાવરણ પલટાયું - રવિવારની સમીસાંજે શહેરમાં અચાનક જ વાતાવરણ પલટાયું હતું... કાળાભમ્મર વાદળોથી શહેરનું આભ ઘેરાયું હતું... તેજ પવનથી વાતા સુસવાટા અષાઢની યાદ અપાવતા હતા... વૃક્ષો ધરાશયી થઈ જાય એવો ભય ચારેકોર વર્તાતો હતો... ગાજવીજ સાથે મેઘરાજાનો અંતિમ રાઉન્ડ ધમાકેદાર બની જશે એવી કલ્પના આકાર લઈ રહી હતી... ત્યાં જ હળવા-ભારે ફોરા સાથે વરસાદી ઝરમર શરૂ થતાં કલ્પનાનો કિલ્લો તૂટી પડ્યો હતો... પરંતુ બે-ત્રણ કલાક ઝરમર વરસતા હાલ પૂરતા ઉકળાટમાંથી રાહત મળી હતી... હજુ પ્રાર્થના યથાવત છે... કે પર્વો શરૂ થાય તે પહેલા મેઘરાજા મનભરીને વરસી પડે... ઉકળાટમાંથી રાહત આપે... ભીનાભીના વાતાવરણમાં શ્રાવણની પુનઃ યાદ અપાવતા વરસાદી માહોલથી શહેર આખુ ભીંજાઈ ગયું હતું....

# સમયસરના વરસાદથી ખેડૂતોમાં ખુશી

## માણસામાં એક ઈંચથી વધારે તો દહેગામ-ગાંધીનગરમાં અર્ધા ઈંચથી એક ઈંચ જેટલો વરસાદ નોંધાતાં ખેડૂતો ખુશખુશાલ : સાંજે જોરદાર પવન સાથે મેઘરાજાનું આગમન થયુ

ગાંધીનગર, તા. ૧૮

મેઘરાજાએ જિલ્લામાં ચોમાસાના અંતિમ રાઉન્ડ સાથે આજે કરેલા સમયસરના આગમથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો છે. કપાસ, મગફળીના પાક ઉપરાંત અન્ય પાકોને પણ આનાથી સારો ફાયદો થશે.

સમયસરના આ આગમથી ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. માણસા તાલુકામાં તો ૬ થી ૮ દરમ્યાન એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. જ્યારે દહેગામ અને ગાંધીનગર તાલુકામાં અર્ધા ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે. જો કે આ તાલુકાઓના કેટલાક વિસ્તારોમાં સારૂ એવુ વરસાદી ઝાપટુ નોંધાયું છે.

આજે સાંજે ૬ વાગ્યા પછી વાતાવરણમાં એકાએક પલ્ટો આવ્યો હતો અને પવન સાથે વરસાદ આવ્યો હતો. વાતાવરણમાં એટલો ઝડપથી બદલાવ આવ્યો હતો કે દિવસ દરમ્યાન ચોખ્ખુ દેખાતુ આકાશ કાળા ડિબાંગ વાદળોથી છવાઈ ગયુ હતુ.

બપોરે પણ આવુ થયુ હતુ પરંતુ વરસાદ વરસ્યો ન હતો. ગઈકાલે પણ અમી છાંટણા થઈ વરસાદ અટકી પડ્યો હતો. આજે દિવસ દરમ્યાન ભારે ઉકળાટ અને બફારો જોવા મળ્યો હતો. જો કે સાંજના સુમારે પવન સાથે આવેલા વરસાદને પગલે ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામ્યો હતો.

ખેડૂતો પૂરક સિંચાઈના સાધનોમાંથી પિયત માટે નજરો દોડાવતા હતા ત્યાં જ આજે આવેલા આ વરસાદથી ખેડૂતોએ રાહતનો દમ લીધો હતો અને સમયસરના વરસાદના આગમનની ખુશી તેમના ચહેરાઓ પર જોવા મળતી હતી.

રાત્રે પણ ધીમો ધીમો વરસાદ ચાલુ રહ્યો હતો. જો કે ક્યારેક હળવો તો ક્યારેક ઝાપટા સ્વરૂપે પણ વરસાદ નોંધાયો હતો.

# ગાંધી જયંતિએ જિલ્લામાં સવા લાખ બાળકો સ્વચ્છતા અભિયાનમાં જોડાશે

## સ્વચ્છતા અભિયાનની આ ઘટના ગ્રિનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામશે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં તા. ૧ અને ૨ ઓક્ટોમ્બર દરમ્યાન સ્વચ્છતા અને સમરસતા અભિયાન અંતર્ગત યોજાનાર સ્વચ્છતાના કાર્યક્રમો ગ્રિનીસ બુક વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામશે.





જિલ્લા શિક્ષણ સમિતિ દ્વારા આ અંગેના વિગતવાર આયોજન સાથેનો પરિપત્ર જારી કરવામાં આવ્યો છે તેમાં આ વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

જિલ્લામાં ૨૯મીથી ૨જી ઓક્ટો. દરમ્યાન સફાઈની સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવનાર છે. જ્યારે ૨૫મીએ ગ્રામ પંચાયતો દ્વારા આ અંગેના આયોજનને આખરી ઓપ આપી દેવાશે. સ્વચ્છતા એ બાળકોમાં ટેવરૂપે વિકસે તે માટે શાળાકક્ષાએ સ્વચ્છતા અંગે નિબંધ, વક્તૃત્વ, ચિત્ર સ્પર્ધાઓ પણ યોજવામાં આવશે એટલુ જ નહિ ૨૫થી ૨જી ઓક્ટો. દરમ્યાન ગામમાં રોજેરોજ પ્રભાતફેરીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૨૬મીએ શાળાની સફાઈ તેમજ બાળકોમાં સફાઈ માટે સંકલ્પપત્રોનું વિતરણ કરવામાં આવશે. જિલ્લામાં ૨૭મીએ જિલ્લાના ૧૫૦૨૦ બાળકો અને શિક્ષકો દ્વારા સ્વચ્છતા અભિયાનના શ્રીગણેશ થશે.

૨૮મીએ ધો. ૫ના ૧૯૫૦૨ બાળકો દ્વારા સમરસતા અભિયાન અંતર્ગત વિવિધ કાર્યક્રમો અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવશે. ૨૮મીએ રમત-ગમત સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવશે. જેના માધ્યમથી સમરસતાનો સંદેશ ફેલાવાશે.

૩૦મીએ મહારેલી ઉપરાંત ધો. ૫ થી ૮ના ૬૮,૬૯૯ વિદ્યાર્થીઓ અને ૪૬૭૮ શિક્ષકો દ્વારા સ્વચ્છતા અભિયાનની સાથે સાથે વક્તવ્યોનો અપાશે.

૨જી ઓક્ટો.ના રોજ "સ્વચ્છતાની ૬૦ મિનિટ" અંતર્ગત સ્વચ્છતાનો મેગા કાર્યક્રમ યોજવામાં આવશે અને તે દિવસે જિલ્લાના એક લાખ ૨૯ હજારથી વધુ બાળકો સ્વચ્છતા અભિયાનમાં ભાગીદાર બનશે. આ દિવસનું અભિયાન ગ્રીનીસ બુક ઓફ વર્લ્ડ રેકર્ડમાં સ્થાન પામનાર હોવાથી તે અંગેની વધુ વિગતોની સૂચનાઓ સરકાર દ્વારા જારી કરાશે.

જિલ્લામાં એક દિવસે જ આટલી મોટી સંખ્યામાં સ્વચ્છતા અંગે બાળકો ભાગ લેવાના હોવાથી ગ્રામકક્ષાએ અને શાળાકક્ષાએ વિશેષ આયોજનો કરવામાં આવી રહ્યા છે. આ માટેની વિગતવાર સૂચનાઓ સરકાર હવે આપશે.

# જિલ્લામાં આરોગ્ય સેવાઓની દયનીય સ્થિતિ

## પેટા કેન્દ્રમાંથી પ્રા.આ. કેન્દ્રમાં સારવાર માટે રિફર કરાયેલ દર્દીને ૮ થી ૫૦ કિ.મી.નું અંતર કાપવુ પડે છે : પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાં પોસ્ટમોર્ટમના રૂમ છે પણ હજુ ત્યાં પોસ્ટમોર્ટમ થતા નથી : સંસ્થાકીય પ્રસુતિઓમાં પણ ડૉક્ટરો રાત્રિ રોકાણ ન કરતા હોવાથી ખાનગી તબીબોને ત્યાં જ જવુ પડે છે : કલોલ તાલુકામાં સૌથી વધુ અંતર કાપી જવુ પડે છે

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં જ પેટા આરોગ્ય કેન્દ્રથી જિલ્લા પ્રા. આરોગ્ય કેન્દ્રમાં પહોંચવા માટે ૮ કિ.મી. થી ૫૦ કિ.મી. સુધીના અંતર દર્દીએ કાપવા પડે છે.

ગાંધીનગર જિલ્લામાં ૧૭૧ પેટા આરોગ્ય કેન્દ્રો આવેલા છે, જ્યારે ૩૯ પ્રા. આરોગ્ય કેન્દ્રો આવેલા છે. જિલ્લા પંચાયત દ્વારા તાજેતરમાં પ્રકાશિત કરાયેલ વહીવટીય અહેવાલમાં આ વિગતો દર્શાવવામાં આવી છે.

જિલ્લાનો સૌથી મોટો તાલુકો વિસ્તાર અને વસ્તીને દષ્ટિએ છે તે ગાંધીનગરમાં ૬૦ પેટા આરોગ્ય કેન્દ્રો છે અને ૮ પ્રા.આ. કેન્દ્રો છે. જેમાં ઉવારસદ પ્રા. આરોગ્ય કેન્દ્રની ૮ કિ.મી.માં ૭ પેટા આરોગ્ય કેન્દ્રો આવેલા છે.

દહેગામમાં ૪૦ પેટા આરોગ્ય કેન્દ્રો છે અને આ પેટા આરોગ્ય કેન્દ્રોથી પ્રા. આરોગ્ય કેન્દ્રમાં પહોંચવા માટે ૩૦ થી ૩૭ કિ.મી.નું અંતર કાપવુ પડે છે. બહિયલ પ્રા. આરોગ્યના પેટા કેન્દ્રમાંથી આવવા માટે ૩૭ કિ.મી.નું અંતર કાપવુ પડે છે.

માણસા તાલુકામાં ૩૨ પેટા કેન્દ્રો છે અને પાંચ પ્રા. આરોગ્ય કેન્દ્રો છે. જેમાં પેટા કેન્દ્રોમાંથી પ્રા.આ. કેન્દ્રમાં સારવાર માટે દર્દીને રિફર કરવામાં આવે તો ૨૫ થી ૩૬ કિ.મી.નું અંતર કાપવુ પડે છે. બિલોદરા અને વરસોડા પ્રા.આ. કેન્દ્રોના અંતર ૩૬-૩૬ કિ.મી. કાપવા પડે છે.

કલોલ તાલુકો જે ઔદ્યોગિક વિસ્તારથી ધમધમતો તાલુકો છે.

● અનુસંધાન પાન-૭ પર

# હવે ગ્રામ પંચાયતોમાં બાયો મેટ્રીક પદ્ધતિથી હાજરી પૂરવામાં આવશે

## પંચાયત વિભાગે ઈ.ગ્રામ સોસાયટીને પ્રોજેક્ટના અમલીકરણ માટે રોડ મેપ તૈયાર કરવા જણાવ્યુ છે

ગાંધીનગર, તા. ૧૮

રાજ્યના પંચાયત વિભાગ દ્વારા હવે ગ્રામ પંચાયત કક્ષાએ પણ બાયોમેટ્રીક એટેન્ડેન્સ સિસ્ટમ લાગુ કરવાની વિચારણા હાથ ધરવામાં આવી છે અને આ આખોય પ્રોજેક્ટ ઈ.ગ્રામ સોસાયટી દ્વારા અમલી બનાવવા માટેની દિશામાં આગળ વધવામાં આવી રહ્યુ છે.

પંચાયત વિભાગ સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યાનુસાર વહીવટને લોકાભિમુખ બનાવવા માટે હવે જિલ્લા અને તાલુકા પંચાયોતમાં વિડીયો કોન્ફરન્સીંગની પણ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટેની યોજના પર કવાયત હાથ ધરવામાં આવી છે.

ગ્રામીણ વિસ્તારોમાં તલાટીઓની હાજરી નહિ રહેતી હોવાની વ્યાપક ફરિયાદો પછી કરાયેલી નવી ભરતીની પ્રક્રિયાને પગલે હવે તલાટીઓની ઘટ ઘટવા પામી છે. સરકારે હવે ગ્રામ પંચાયોતમાં બાયોમેટ્રીક એટેન્ડેન્સ સિસ્ટમ લાગુ કરવા પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે.

પંચાયત વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ભાવનગર જિલ્લાના કેટલાક ગામોમાં આવો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો હતો અને તેના સારા પરિણામો મળતાં સરકારે હવે

● અનુસંધાન પાન-૭ પર

### બેસણું



અમારા આત્મીય શ્રી **હસમુખભાઈ વાડીલાલ થોભ** (નિવૃત્ત વિધાનસભા કર્મી) તા. ૧૫/૯/૨૦૧૬ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રભુને ગમ્યું તે ખરું. **તેમનું બેસણું તા. ૧૯/૯/૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

લિ.

**સ્વ. વાડીલાલ કસ્તુરદાસ થોભ પરિવાર**

ઉષાબેન હસમુખલાલ થોભ (પત્ની) — જગત હસમુખલાલ થોભ (પુત્ર)

નેહલ હસમુખલાલ થોભ (પુત્રી) — કબિર જગત થોભ (પૌત્ર)

નમ્રતા જગત થોભ (પૂત્રવધૂ)

તા.ક. : લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

### પ્રાર્થના સભા (બેસણું)



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી જ્યંતિલાલ મોતીલાલ શાહ (જે.એમ. શાહ) (રિટાયર્ડ કાર્યપાલક ઈજનેર-નર્મદા નિગમ) તા. ૧૨-૦૯-૨૦૧૬, સોમવારના રોજ અરિહંત શરણ પામેલ છે. સદ્‌ગતની પ્રાર્થનાસભા તા. ૧૯-૦૯-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૧.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : કોમ્યુનિટી હોલ, પટેલવાડીની બાજુમાં, સેક્ટર-૭,પોલીસ સ્ટેશન સામે, ગાંધીનગર

| | | | |
|---|---|---|---|
| સ્વ. ડો.રૂપલબેન એન.શાહ | સ્મિતાબેન વી.શાહ | પીનલબેન એચ.શાહ | વર્ષાબેન વી.સંઘવી |
| સ્વ. ડો.નયન જે. શાહ | વિપિન જે. શાહ (સર્વશિક્ષા અભિયાન) | હિમાંશુ જે. શાહ (મધર ડેરી) | વિનય જે.સંઘવી (ગુ.મ.બોર્ડ) |

લિ.. કંચનબેન જ્યંતિલાલ શાહ

ડો.દર્શીત એન. શાહ

કવિશા, ધારિણી, સ્તુતિ, શ્રેયા, આલાપ તથા મૈત્રીના જય જિનેન્દ્ર

સમાજ નું બેસણું ઉપરોક્ત સ્થળે બપોરે ૧૨.૩૦ થી ૨.૦૦ કલાકે રાખેલ છે.

### પ્રથમ વાર્ષિક શ્રદ્ધાંજલિ



**મર્હુમ અહેમદખાન નુરમહંમદખાન નાગોરી**
રિટાયર્ડ ડેપ્યુટી કલેક્ટર, ગુજરાત રાજ્ય.
તા. ૧૯/૯/૨૦૧૫

આપના દ્વારા થયેલ સત્કાર્યોની સુગંધ અમારા હૃદયમાં હરહંમેશ પળે પળ રહેશે. સંઘર્ષ તમે કર્યા, સુખ અમને આપ્યું. કર્મ તમે કર્યા ફળ અમને મળ્યું. આપવું એ જ આપનો જીવનમંત્ર રહ્યો. આપ નિત્ય અમારા મનમાં નિરંતર અમારા હૃદયમાં જ રહેશો.

લિ.

**સમસ્ત નાગોરી પરિવાર**

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અર્ચી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com